# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૨/૦૬/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૪૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૭૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૪૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૭૪૯/૨૦૨૫**

**બાપુનગરઃ** રામપ્રસાદ રામકેવલ મૌર્ય (રહે. સોનેરીયાની ચાલી એ.એમ.સી.સ્કુલ નજીક જનરલ હોસ્પીટલની બાજુમાં બાપુનગર) એ તા.૦૧/૦૬/૨૦૨૫ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૫/૨૦૨૫ થી તા.૨૮/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની પેટીનું તાળું તોડી પેટીમાંથી સોના–ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૧,૯૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૭૫૦/૨૦૨૫**

**મેઘાણીનગરઃ** વિરેન્દ્રસિંગ રામેશ્વરસિંગ બઘેલ (ઉ.વ.૩૦) (રહે. અમરાજીનગર ગલી નંબર–૧ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભીખાભાઇ ખેમાભાઇ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી